# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ,                                                                                  તા. ૦૩/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **"સત્ય શું છે ?" ગુજરાતને હંમેશા અન્યાય, અન્યાય અને અન્યાય કરનાર કોંગ્રેસનું સત્ય શું છે ? સત્યની વાતો કરનારા રાહુલ ગાંધી ગુજરાતની જનતાને જવાબ આપે : શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા**
- **સરદાર પટેલ ગુજરાતી હતા, પાટીદાર હતા. શું એટલા માટે તેમની સાથે કોંગ્રેસે હરહંમેશ અન્યાય કર્યો છે ? સરદાર સાહેબને અન્યાય પાછળનું સત્ય શું છે ?**
- **જો દેશના પ્રથમ પ્રધાનમંત્રી સરદાર પટેલ હોત તો કશ્મીર ભારતનું અભિન્ન અવિભાજ્ય અંગ હોત. તેવું તમે માનો છો.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

કોંગ્રેસ પાસે સત્ય સિવાય બીજું કશું જ નથી. કોંગ્રેસ સત્ય સાથે છે. દક્ષિણ ગુજરાતના પ્રવાસે આવેલા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી ગુજરાતની જનતા સમક્ષ ઉપરોક્ત નિવેદન કર્યુ હતું. આ સંદર્ભે ભાજપ–સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને સત્ય બાબતે કેટલાક પ્રશ્નો કર્યા છે અને આ પ્રશ્નો બાબતે સત્ય શું છે તે રાહુલ ગાંધી ગુજરાતની જનતાને જણાવતા

જાય. સરદાર સાહેબ ગુજરાતી હતા, પાટીદાર હતા એટલે કોંગ્રેસે સરદાર સાહેબને અન્યાય કર્યો ? ૧૯૨૮ ના બારડોલી સત્યાગ્રહ પછી સરદાર સાહેબને પ્રમુખ બનાવવાના હતા ત્યારે તેમને અન્યાય કરીને જવાહરલાલ નહેરુના પિતાશ્રી મોતીલાલ નહેરુ કોંગ્રેસના અધ્યક્ષ બની બેઠા. તેમા સત્ય શું છે ? ૧૫ માંથી ૧૨ કોંગ્રેસ પ્રાંતીય સમિતિઓએ સરદાર પટેલના નામની ભલામણ કરી હોવા છતાંયે જવાહરલાલ નહેરુ દેશના પ્રથમ વડાપ્રધાન બન્યા. તેમા સત્ય શું છે ? ભારતરત્ન તરીકે સરદાર સાહેબને નવાજવાનું કોંગ્રેસને સરદાર સાહેબના મૃત્યુ પછી ૪૧ વર્ષે સુજ્યું. જ્યારે ૧૯૯૧ માં રાજીવ ગાંધીને તેમના અવસાન પછી તરત જ ભારતરત્ન આપી દેવામાં આવ્યો. તો સરદાર સાહેબને આ અન્યાય પાછળનું સત્ય શું છે ? સંસદમાં સરદાર સાહેબનું તૈલી ચિત્ર અટલબિહારી બાજપાઈની સરકાર આવ્યા પછી જ મુકવામાં આવ્યું. કોંગ્રેસે સરદાર સાહેબનું આ અપમાન કર્યુ તેની પાછળનું સત્ય શું છે ? સરદાર સાહેબના અવસાન પછી તેમના અગ્નિ સંસ્કાર દિલ્લીના બદલે મુંબઈમાં કરવાના નિર્ણયમાં જવાહરલાલ નહેરુ હીન રાજકારણ રમ્યા અને સરદાર પટેલની યાદમાં દિલ્લીમાં કોઈ યાદગાર સ્થળ કે સમાધિ ના બને તે માટેના કાવા દાવા કર્યા તેમા સત્ય શું છે ? સરદાર પટેલની સ્મશાનયાત્રામાં જવા માટે તત્કાલિન રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રષાદ અને કેન્દ્રિય પ્રધાનોને જવાહરલાલ નહેરુએ ના પાડી તેમા સત્ય શું છે ? ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના સાથે સરદાર પટેલનું નામ જોડાયેલું હતું એટલા માટે થઈને આ યોજના કોંગ્રેસે છપ્પન છપ્પન વર્ષ સુધી પૂરી ના થવા દિધી તે પાછળનું સત્ય શું છે ? સરદાર સાહેબે સોમનાથ મંદિરનો જીર્ણોધ્વાર કર્યો ત્યારે મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં નહેરુ તો ના આવ્યા પરંતુ તત્કાલિન રાષ્ટ્રપતિ રાજેન્દ્ર બાબુને પણ જવાની ના પાડી હતી તે પાછળનું સત્ય શું છે ? કોંગ્રેસના કોઈ પણ અધિવેશનમાં કે રાષ્ટ્રીય ફલક ઉપર અત્યાર સુધી સરદાર સાહેબનું નામ લેતા કોંગ્રેસના નેતાઓ કેમ નાનમ અનુભવતા હતા. દેશની મોટા ભાગની યોજનાઓ સાથે ગાંધી–નહેરુ પરીવારનું જ નામ જોડાતું હતું. આ યોજનાઓ સાથે સરદાર પટેલનું નામ ન જોડવા પાછળનું સત્ય શું છે ? જો સરદાર પટેલ હિન્દુસ્તાનના પ્રથમ પ્રધાનમંત્રી બન્યા હોત તો કશ્મીર ભારતનું અભિન્ન અવિભાજ્ય અંગ હોત. એવું તમે માનો છો. તે પાછળનું સત્ય શું છે ?

ગુજરાત વિરોધી કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી કોંગ્રેસની ગુજરાત વિરોધી નિતીઓ બાબતે ગુજરાતને જવાબ આપે. સાથે સાથે સરદાર સાહેબને હરહંમેશ અન્યાય કરવા પાછળનું સત્ય શું છે ? તેનો પણ રાહુલ ગાંધી જવાબ આપે.